નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

15



દવાખાનાની અંદર



નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

15

અનુવાદ:દીપ્તિ રાજુ

દવાખાનાની અંદર

ચિત્રો:બોરિસ કૈલાશીન



RADUGA PUBLISHERS
MOSCOW





તેઓ દરવાજા પાસે પહોંચ્યા. સ્નોડ્રોપે નાની ઘંટડી વગાડી.
"ટિંગ-અ-લિંગ-અ-લિંગ!" ઘંટડીનો મીઠો અવાજ સંભળાયો.
થોડી વારમાં સફેદ ઝભ્ભો અને સફેદ ટોપી પહેરેલી એક નર્સે દરવાજો ખોલ્યો. તેના કપાળ પર સોનેરી વાંકડિયા વાળની લટો હળવેથી ઉછળતી હતી.
"અરે રામ! વધુ એક દર્દી!" તે આશ્ચર્યથી બોલી. "હવે તેને ક્યાં રાખીશું? આખું એક વર્ષ અમારું દવાખાનું ખાલી પડ્યું હતું , અને આજે એક જ દિવસમાં ચૌદ દર્દીઓ આવી ગયા!"
"આ દર્દી નથી," સ્નોડ્રોપે કહ્યું. "આ તો પોતાના મિત્રોને મળવા આવ્યો છે."
"ઓહ, જો એવું હોય તો અંદર આવો."
ત્રણેય અંદર જઈને ડૉક્ટરના ઓરડામાં પહોંચ્યાં.
ત્યાં હનીસકલ ટેબલ પાસે બેઠી હતી. તેની સામે દર્દીઓના કાર્ડનો ઢગલો પડ્યો હતો. તે દરેક દર્દીને શું થયું છે તે લખી રહી હતી.
સ્નોડ્રોપ અને કોર્નફ્લાવરને જોઈને તેણે કહ્યું,

"તમે દર્દીઓને મળવા આવ્યાં છો ને? હું તેની પરવાનગી આપી શકું નહીં. બીમાર લોકોને શાંતિ અને આરામની જરૂર હોય છે."
પછી તેની નજર કોર્નફ્લાવરના કપાળ પર ગઈ.
"અરે કોર્નફ્લાવર! આ તારા કપાળ પર પ્લાસ્ટર કેમ? મેં તો પહેલેથી જ કહ્યું હતું કે આવું જ થશે. મને સારી રીતે ખબર છે કે આ છોકરા કેટલા તોફાની હોય છે. એકને ઘરમાં આવવા દો, પછી લાત, ધક્કા અને ઈજાઓ સિવાય બીજું કંઈ મળવાનું નથી!"
"અમે દર્દીઓને મળવા નથી આવ્યાં," સ્નોડ્રોપ બોલી. "આ મળવા આવ્યો છે. અંદર જે દર્દીઓ છે, એ તેના મિત્રો છે."
"હં... મેં તો આ યુવાનને પથારીમાંથી ઊઠવું નહીં એવું કહ્યું હતું. છતાં જુઓ, ડૉક્ટરની વાત ન માનીને અહીં ફરતો આવ્યો છે અને બધાની સાથે ઝઘડો પણ કરે છે. હું તેને હોસ્પિટલમાં જવા નહીં દઉં. હોસ્પિટલ ઝઘડો કરવાની જગ્યા નથી."
"હું ઝઘડો નહીં કરું," નજાનૂએ કહ્યું.
"ખરેખર નહીં કરો?" હનીસકલ કડક અવાજમાં બોલી. તેણે પોતાની લાકડાની ભૂંગળી ટેબલ પર ઠોકી. "છોકરાઓ હંમેશાં કહે છે કે તેઓ ઝઘડો નહીં કરે, પણ છેલ્લે તો ઝઘડો કરે જ છે."
હનીસકલને લાગ્યું કે હવે વાત પૂરી થઈ ગઈ છે. તેણે કોર્નફ્લાવર તરફ જોઈને કહ્યું,
"બેટા, જરા તારું કપાળ બતાવ."
તેણે પ્લાસ્ટર કાઢીને જ્યાં વાગ્યું હતું તે જગ્યા તપાસી.
તપાસ પૂરી થયા પછી તેણે કહ્યું,
"હવે તારે આ પ્લાસ્ટર પહેરવાની જરૂર નથી. મારી સાથે આવ. હું તારા કપાળ પર અલ્ટ્રાવાયોલેટ કિરણોથી સારવાર કરી દઉં, જેથી ત્યાં કાળો-વાદળી ડાઘ ન પડે."
હનીસકલ અને કોર્નફ્લાવર બંને ઓરડામાંથી બહાર નીકળી ગયાં.
તેઓ બહાર ગયા કે તરત જ નજાનૂની નજર ખીલી પર લટકતા સફેદ ઝભ્ભા અને ટોપી પર પડી.
તેણે એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર તે બંને પહેરી લીધાં.
પછી હનીસકલના ટેબલ પર પડેલા ચશ્માં પણ પહેરી લીધાં.
એટલું જ નહીં, તેણે હનીસકલની લાકડાની ભૂંગળી પણ હાથમાં લીધી અને ઓરડાની બહાર નીકળી ગયો. સ્નોડ્રોપ આ બધું આશ્ચર્ય અને પ્રશંસાથી જોતી જ રહી ગઈ.





નજાનૂ કોરિડોરમાંથી આગળ ગયો અને તે વોર્ડનો દરવાજો ખોલ્યો, જ્યાં તેના મિત્રો દાખલ હતા.
સૌથી પહેલા પથારીમાં તેને ગ્રમ્પ્સ દેખાયો. તે પહેલાની જેમ જ વધુ ચિડાયેલો અને ગુસ્સાથી ભરેલો લાગતો હતો.
"કેમ છો, મારા મિત્ર? હવે તબિયત કેવી છે?" નજાનૂએ પોતાનો અવાજ બદલીને પૂછ્યું.
"ખૂબ સરસ!" ગ્રમ્પ્સે એવો ચહેરો બનાવતાં કહ્યું, જાણે હમણાં જ મરી જવાનો હોય.
"મહેરબાની કરીને બેસી જાઓ," નજાનૂ બોલ્યો.
ગ્રમ્પ્સે બહુ મુશ્કેલીથી બેસવાનો પ્રયત્ન કર્યો અને નિસ્તેજ નજરે સામે જોવા લાગ્યો.
નજાનૂએ લાકડાની ભૂંગળી તેના છાતી પર રાખી.
"હવે ઊંડો શ્વાસ લો," તેણે કહ્યું.
"માણસને જરા શાંતિથી રહેવા પણ નથી દેતા!" ગ્રમ્પ્સ ગુસ્સે બબડ્યો.
"'બેસો!'... 'સૂઈ જાઓ!'... 'ઊંડો શ્વાસ લો!'... 'શ્વાસ રોકો!' બસ, હુકમો જ કરતા રહો!"
નજાનૂએ હળવેથી લાકડાની ભૂંગળી તેના માથા પર ટપલી મારી.
"અરે ગ્રમ્પ્સ, તું તો જરાય બદલાયો નથી!" તે બોલ્યો.

"અરે! નજાનૂ!" ગ્રમ્પ્સ આશ્ચર્યથી બોલી ઊઠ્યો.
"શ્... ધીમેથી બોલ!" નજાનૂએ ચેતવ્યો.
"સાંભળ, નજાનૂ," ગ્રમ્પ્સ ધીમા અવાજે બોલ્યો, "મને અહીંથી બહાર કાઢ. હું ખરેખર એકદમ સાજો છું. મારા ઘૂંટણમાં માત્ર થોડું વાગ્યું હતું. હવે તો જરાય દુખતું પણ નથી. છતાં તેઓ મને મારા કપડાં આપતા નથી. અહીં રહીને તો હું પાગલ થઈ જઈશ. મારે ઊઠીને બહાર જવું છે."
ગ્રમ્પ્સે નજાનૂની બાંય પકડી લીધી અને છોડવાનું નામ જ ન લીધું.
"હું કંઈક ઉપાય કરીશ," નજાનૂએ કહ્યું. "થોડી વાર ધીરજ રાખ. પણ પહેલાં મને એક વચન આપ. જો કોઈ પૂછે કે બલૂન કોણે બનાવ્યું હતું, તો કહેવાનું કે મેં બનાવ્યું હતું. બરાબર?"
"તું જે કહે તે હું કહી દઈશ, બસ મને અહીંથી બહાર કાઢ," ગ્રમ્પ્સે વિનંતી કરતાં કહ્યું.





"એ મારી ઉપર છોડો," નજાનૂએ ખૂબ આત્મવિશ્વાસથી કહ્યું.
પછી તે બીજા પલંગ પાસે ગયો, જ્યાં ડૉ. પિલમેન સૂતા હતા.
"મને બચાવો!" ડૉ. પિલમેને નિરાશાભર્યા અવાજે ધીમેથી કહ્યું. "જરા વિચાર તો કરો! આખી જિંદગી હું લોકોની સારવાર કરતો આવ્યો છું, અને હવે તેઓ મારી સારવાર કરવા લાગ્યા છે!"
"એમાં ખોટું શું છે?" નજાનૂએ પૂછ્યું.
"ખોટું કેમ નહીં હોય!" ડૉ. પિલમેન બોલ્યા. "મને તો કંઈ થયું જ નથી. ફક્ત નાક પર નાનો ખંજવાળ છે અને ખભા પર થોડો ઉઝરડો છે. એટલા માટે કોઈને દવાખાનામાં રાખી શકાય?"
"તો પછી તમને અહીં શા માટે રાખ્યા છે?" નજાનૂએ પૂછ્યું.
"કારણ કે તેમની પાસે બીજો કોઈ દર્દી નથી, એટલે કોઈની તો સેવા કરવી જ છે. આ છોકરીઓ! જાણે એમને સારવારની શું ખબર હોય! અરે બાપ રે! બહારથી પટ્ટી ચોંટાડે છે અને અંદર મધ પીવડાવે છે. આ તો બિલકુલ ખોટી રીત છે. સાચી રીત તો બહાર આયોડીન લગાવવાની અને અંદર એરંડિયું તેલ પીવડાવવાની છે. તેમની સારવારની રીત મને જરાય પસંદ નથી."

"મને પણ નથી ગમતી," બાજુના પલંગ પરથી પ'રેપ્સ બોલ્યો. "ન ચાલવા દે, ન દોડવા દે, ન સંતાકૂકડી રમવા દે, ન આંખમિચોલી રમવા દે. ગાવાની પણ મનાઈ છે. અમારા બધાં કપડાં લઈ લીધાં છે અને પહેરવા માટે ફક્ત રૂમાલ આપ્યા છે. હવે તો અમે અહીં પડ્યા રહીને ફક્ત નાક જ સાફ કરી શકીએ છીએ."

"પણ તમે દવાખાનામાં આવ્યા જ શા માટે?" નજાનૂએ પૂછ્યું.

"ગઈ કાલે રાત્રે જ્યારે અમે ટોપલામાંથી નીચે પડ્યા, ત્યારે અમે ત્યાં જ સૂઈ ગયા. બીજા દિવસે સવારે કેટલીક છોકરીઓએ અમને ઉઠાડ્યા અને પૂછ્યું કે અમે ક્યાંના છીએ. અમે કહ્યું કે અમે બલૂનમાં આવ્યા હતા, પણ બલૂન તૂટી પડ્યું હતું.

'તૂટી પડ્યું?' તેઓ બોલ્યાં. 'તો તમને ઈજા થઈ હશે?' પછી તેમણે કહ્યું, 'ચાલો, તમારે અમારા દવાખાનામાં આવવું પડશે.'

અને બસ, એ રીતે અમે અહીં આવી પહોંચ્યા.





"અને કોઈને ઈજા તો નહોતી થઈ ને?"
"શોટ સિવાય કોઈને નહીં."
નજાનૂ શોટના પલંગ પાસે ગયો.
"તને શું થયું?" તેણે પૂછ્યું.
"મારા પગની ઘૂંટી મચકાઈ ગઈ છે. હું બિલકુલ ચાલી શકતો નથી. પણ મને તેની એટલી ચિંતા નથી. ડોટ ક્યાંક ખોવાઈ ગયો છે. શું તું તેને મારા માટે શોધી આપીશ? તે આસપાસ ક્યાંક જ હશે, પણ હું તેને શોધવા જઈ શકતો નથી. મહેરબાની કરીને તું તેને શોધી આપ."
"હા, હું શોધી આપીશ," નજાનૂએ કહ્યું. "હું તેને જરૂર શોધી કાઢીશ. પણ એક શરતે-તું બધાને કહી દેજે કે બલૂન મેં બનાવ્યું હતું."
પછી નજાનૂ એક પછી એક પોતાના બધા મિત્રોના પલંગ પાસે ગયો અને બધાને કહી દીધું કે તેઓ બધાને કહે કે બલૂન તેણે બનાવ્યું હતું. છેવટે તે ફરી ડૉક્ટરના ઓરડામાં પાછો આવ્યો, જ્યાં સ્નોડ્રોપ તેની આતુરતાથી રાહ જોઈ રહી હતી.

"તારા બીમાર મિત્રો હવે કેમ છે?" સ્નોડ્રોપે પૂછ્યું.
"તેમને તો કંઈ જ થયું નથી," નજાનૂએ હળવું હસીને કહ્યું. "માત્ર શોટને જ થોડી ઈજા થઈ છે."
"તો પછી તેઓ જલ્દી જ દવાખાનામાંથી રજા મેળવી લેશે? કેટલી સરસ વાત!" સ્નોડ્રોપ બોલી.
"જાણે છે? મને એક વિચાર આવ્યો છે. તેઓ સાજા થઈ જાય તેની ખુશીમાં આપણે એક નૃત્ય સમારંભ રાખીએ. કેટલી મજા આવશે, નહીં?"
"પણ એવું લાગતું નથી કે તેમને આટલી જલ્દી દવાખાનામાંથી રજા મળશે," નજાનૂએ કહ્યું.
એટલામાં હનીસકલ અને કોર્નફ્લાવર પાછાં આવી ગયાં.
"તને આ ઝભ્ભો પહેરવાની પરવાનગી કોણે આપી?" હનીસકલ ગુસ્સાથી બોલી. "આટલી અવગણના તો મેં ક્યારેય જોઈ નથી!"
"મેં કોઈ અવગણના કરી નથી," નજાનૂએ જવાબ આપ્યો. "હું તો ફક્ત મારા મિત્રોની ખબર લેવા ગયો હતો."



"અને તને તેઓ કેવી હાલતમાં મળ્યા?" હનીસકલે મજાકભર્યા સ્વરે પૂછ્યું.
"મને ખબર પડી કે એકને છોડીને બાકીના બધા સાજા થઈ ગયા છે અને દવાખાનામાંથી જઈ શકે છે."
"શું?" હનીસકલ ગભરાઈને બોલી. "કલ્પના કર, જો આપણે એકસાથે ચૌદ છોકરાઓને દવાખાનામાંથી છોડી દઈએ તો શું થશે? તેઓ આખું શહેર ઊંધું-ચત્તું કરી નાખશે! એક પણ ઘરની બારીનો કાચ સલામત નહીં રહે, અને આપણાં બધાનાં શરીર પર ગાંઠો અને ઉઝરડાં પડી જશે. ગાંઠો અને ઉઝરડાંની મહામારી ન ફેલાય, એટલા માટે છોકરાઓને દવાખાનામાં જ રાખવા જોઈએ."
"તો પછી આપણે તેમને એક-એક કરીને બહાર જવા દઈએ?" કોર્નફ્લાવરે સૂચન કર્યું. "કદાચ દરરોજ એકને?"
"એ તો બહુ ધીમું થશે," સ્નોડ્રોપ બોલી. "ઓછામાં ઓછા દરરોજ બેને તો છોડવા જોઈએ. નહીં તો આપણે નૃત્ય સમારંભ ક્યારેય યોજી નહીં શકીએ."
"ના, દરરોજ એક જ," હનીસકલે આગ્રહપૂર્વક કહ્યું. "આપણે એક યાદી બનાવીશું અને આવતી કાલથી એક-એકને રજા આપવાનું શરૂ કરીશું."
"બેને છોડો, પ્રિય! બેને!" સ્નોડ્રોપે હનીસકલને ભેટી પડી, તેના ગાલ પર ચુંબન કરતાં કહ્યું. "મારે તો નૃત્ય સમારંભ યોજવો છે! અને તું પણ જરૂર આવજે. તું તો કેટલું સુંદર નાચે છે!"
"સારું, દરરોજ બે જણને છોડીએ," હનીસકલે કહ્યું. "સૌથી સારી રીતે વર્તન કરનારાઓથી શરૂઆત કરીશું. નજાનૂ, તારે અમને અહીં મદદ કરવી પડશે. અમને જણાવ,સૌથી સારું વર્તન કોણ કરે છે?" "તેઓ બધા જ સારું વર્તન કરે છે," નજાનૂએ જવાબ આપ્યો.
"હું એ વાત માનવાની નથી. છોકરાઓ ક્યારેય સારી રીતે વર્તતા નથી. તેમને તોફાનથી દૂર રાખવા માટે હંમેશાં કોઈ ને કોઈ કામ આપવું જ પડે."
"તો પછી પહેલાં બેન્ડમ અને ટ્વિસ્ટમને છોડવા જોઈએ. તેઓ બહાર નીકળતાં જ મોટરગાડીનું સમારકામ શરૂ કરી શકે," કોર્નફ્લાવરે કહ્યું.
"ખૂબ સરસ વિચાર!" હનીસકલે કહ્યું. "તો યાદીમાં સૌથી પહેલા બેન્ડમ અને ટ્વિસ્ટમનાં નામ લખો."
પછી બેન્ડમ અને ટ્વિસ્ટમનાં નામ યાદીમાં લખી દેવામાં આવ્યા.





"મને લાગે છે કે હવે ગ્રમ્પ્સને પહેલાં રજા આપવી જોઈએ," હનીસકલે કહ્યું. "આખો દિવસ પથારીમાં પડ્યો રહે છે અને સતત બડબડ કરતો રહે છે. બહુ કંટાળો આવે છે!"
"ના, એવું ન કરશો," નજાનૂએ કહ્યું. "તેની બડબડ કરવાની ટેવ ન જાય ત્યાં સુધી તેને દવાખાનામાં જ રહેવા દો."
"તો પછી ડૉક્ટર પિલમેનને પહેલાં રજા આપી દઈએ. તેઓ અમારી સારવારની રીતોથી ખુશ નથી અને અમે જે કંઈ કરીએ તેની ટીકા જ કરે છે. તેમની વાતો સાંભળવી બહુ મુશ્કેલ બની જાય છે. તેઓ અહીંથી જાય તો મને બહુ સારું લાગે."
"તેમને પણ હમણાં રજા આપશો નહીં," નજાનૂએ કહ્યું. "આખી જિંદગી તેઓ બીજાની સારવાર કરતા આવ્યા છે. હવે તેમને પણ થોડા દિવસ દર્દી બનીને રહેવાનો અનુભવ થવા દો. તેના બદલે બ્લોબ્સને રજા આપો. તે બહુ સારો ચિત્રકાર છે અને બહાર નીકળતાં જ તેને કામ મળી જશે. તે મારો શિષ્ય છે. તેને ચિત્ર દોરવાનું મેં જ શીખવ્યું છે."
"અરે, હા, જરૂર!" સ્નોડ્રોપે વિનંતી કરતાં કહ્યું. "શું તેને અત્યારે જ રજા આપી શકાતી નથી? હું તેને મારું ચિત્ર દોરવાનું કહીશ."

"અને ટ્રિલ્સને પણ," નજાનૂએ ઉમેર્યું. "તે પણ મારો શિષ્ય છે. તેને વાંસળી વગાડતાં પણ મેં જ શીખવ્યું છે."
સ્નોડ્રોપ ફરીથી હનીસકલના ગળે વળગી ગઈ અને બોલી.
"પ્રિય, બ્લોબ્સ અને ટ્રિલ્સને તો જરૂર રજા આપી દો,પ્લીઝ, પ્લીઝ, તેમને જવા દો!"
"સારું, તેમના માટે હું એક અપવાદ કરી શકું," હનીસકલે કહ્યું. "પણ બાકીના બધાએ પોતાના વારા સુધી રાહ જોવી પડશે."
આખરે રજા મેળવવાની યાદી તૈયાર થઈ ગઈ.
હનીસકલે આદેશ આપ્યો કે બ્લોબ્સ અને ટ્રિલ્સનાં કપડાં તેમને પાછાં આપી દેવામાં આવે.
થોડી જ મિનિટોમાં બંને ખુશીથી ઝગમગતા ચહેરા સાથે તેના ઓફિસમાં આવી પહોંચ્યા.
"અમે તમને દવાખાનામાંથી રજા આપી રહ્યા છીએ," હનીસકલે કહ્યું. "ધ્યાન રાખજો કે સારું વર્તન કરશો. નહીં તો અમે તમને તરત જ પાછા દવાખાનામાં દાખલ કરી દઈશું."







